નવસારી સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન પાર્ટ–એ, ગુના રજી.નંબર ૧૧૮૨૨૦ ૨૪૨૬૦૦૧૩/૨૦૨૬, **બી.એન.એસ.કલમ–૩૧૮(૪),૩૧૯(૨),૬૧ (૨), ૩(૫) તથા આઇ.ટી.એકટ કલમ–૬૬(સી),૬૬(ડી)** મુજબના ગુનાના કામે **આરોપી સુજીતકુમાર બહાદુર શાહ**ની જામીન અરજી લગત હુકમ.

-------------------------------------------

**૦૧.** હાલની આ અરજી નવસારી સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન પાર્ટ–એ, ગુના રજી.નંબર ૧૧૮૨૨૦ ૨૪૨૬૦૦૧૩/૨૦૨૬, બી.એન.એસ.કલમ–૩૧૮(૪),૩૧૯(૨),૬૧(૨),૩(૫) તથા આઇ.ટી.એકટ કલમ–૬૬(સી), ૬૬(ડી) મુજબના ગુનાના કામે બી.એન.એસ.એસ. ની કલમ ૪૮૦ હેઠળ જામીન મુકત થવા કરેલ છે. અરજી લગત આરોપીના વિ.વ.શ્રી તથા વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

**૦૨.** આરોપી તરફે વિ.વ.શ્રીએ તેમની મૌખિક દલીલમા અરજીની વિગતો દલીલ સ્વરૂપે જણાવી વિશેષમાં જામીન મુકત થવાના મહત્વના કારણોમાં જણાવેલ છે કે, આરોપી નિર્દોષ છે, ગુનામાં તેનો કોઇ રોલ નથી અને તેને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. આરોપી નોકરી કરી પોતાનું તથા પરીવારનું ગુજરાન ચલાવતા આવેલા છે, આરોપીની માતાને કેન્સર થયેલ હોઇ, તા.૧૦/૦૮/૨૦૨૫ ના રોજ મરણ ગયેલ છે. અરજદાર સામે કોઇ પ્રાઇમાફેસી કેસ નથી. સદર કામ ચાલતા લાંબો સમય જાય તેમ છે અને ત્યા સુધી જો અરજદારને જેલમા રાખવામા આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશન થાય તેમ છે. અરજદાર અરજીમાં જણાવેલ સરનામે કાયમી રહેતા આવેલા છે, નાશી ભાગી જાય તેમ નથી કે સાક્ષી ટેમ્પર કરનાર નથી. નામ.અદાલત ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરવા રાજી ખુશી છે. જેથી જામીન અરજી મંજુર કરવા અરજ ગુજારેલ છે.

**૦૩.** ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી નાઓએ સદર અરજી લગત કરેલ શેરો વંચાણે લેતા તેમા તેઓએ જણાવેલ છે કે, ફરીયાદ તથા જામીન અરજી વંચાણે લેતા તથા ગુનાની ગંભીરતા અને સજાની જોગવાઇ ધ્યાને લેતા પ્રથમ દર્શનીય અને બિન જામીનપાત્ર ગુનો હોય તથા સદર ગુનો બી.એન.એસ.કલમ–૩૧૮(૪),૩૧૯(૨),૬૧ (૨),૩(૫) તથા આઇ.ટી. એકટ કલમ–૬૬ (સી), ૬૬(ડી) મુજબનો ગુનો હોય તથા સદર કામમાં રૂા.

૬૨,૬૯,૨૦૦/– રૂપીયાનુ સાયબર ફ્રોડ થયેલ હોય સદર કામના આરોપી નં. ૨ નાએ સદર કામના આરોપી નં. ૧ નાને બેંક એકાઉન્ટ ખોલાવવા રૂા. ૩૦,૦૦૦/– આપેલ જેમા આ કામના ફરીયાદીના રૂા.૪૧,૪૦,૦૦૦/– ટ્રાન્સફર કરેલા હતા. આમ, દસ્તાવેજી પુરાવા પર આધારીત ગુનો હોય અને ગુનાની તપાસ હાલ પેન્ડીગ હોય, આરોપીને જામીન આપવામા આવે તો પુરાવા સાથે ચેડા થવાની શકયતા રહેલ છે. તથા હાલ આવા પ્રકારના ગુના વધતા હોય તથા આરોપી આઉટ ઓફ સ્ટેટ ના હોય, ટ્રાયલ દરમ્યાન હાજર રહેવાની શકયતા રહેલ ન હોય, આરોપીની જામીન અરજી નામંજુર કરવા જણાવેલ છે.

**૦૪.** ઉપરોકત બંને પક્ષોની રજુ દલીલો તથા કેસની હકીકત ધ્યાને લેતા આ કામના આરોપી સામે બી.એન.એસ.કલમ–૩૧૮(૪),૩૧૯(૨),૬૧ (૨),૩(૫) તથા આઇ.ટી. એકટ કલમ–૬૬ (સી), ૬૬(ડી) મુજબના ગુનાનો આક્ષેપ છે. જામીન મુકત કરવાની સત્તા તે અદાલતની મનસુફીની (વિવેકાધિન) સત્તા રહેલ છે. અદાલતે તેવી સત્તાનો મનસ્વીપણે નહી પરંતુ કાયદાથી પ્રસ્થાપિત સિધ્ધાંતો અને મર્યાદામાં રહીને ઉપયોગ કરવાનો છે. નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર વડી અદાલતોના અનેક ચુકાદા ઓથી પ્રસ્થાપિત થયેલ છે કે, જામીન અંગેના નિર્ણય હેતુ મહત્વના પાસા જેવા કે, આરોપીએ ગુનામાં ભજવેલ ભાગ તથા ગુનાની ગંભીરતા, સમાજ ઉપર તેમજ ફરીયાદી, સાહેદો ઉપર થનાર અસર, આરોપીનો ભુતકાળ, આરોપીની તપાસ તેમજ ટ્રાયલ દરમ્યાન હાજરી વિગેરે મુદ્દાઓ ધ્યાને લેવાના હોય છે. ફરીયાદ પક્ષના કેસ મુજબ હાલનો આરોપી તથા અન્ય નહી પકડાયેલ આરોપીએ ગઇ તા.૩૦/૩/૨૬ થી તા.૨૦/૪/૨૦૨૬ દરમ્યાન વોટસ અપ નંબર ૮૫૯૪૯૯૧૪૧૭ નો ધારક અનીકા સિંધાનીયા તરીકે ઓળખ આળખ આપી ફરીયાદીના વોટસઅપ પર લીંક મોકલી ડી.જી.સી. એકસ. (દુબઇ ગોલ્ડ કોમોડીટી એક્ષ્ચેન્જ) વેબસાઇડમા રજીસ્ટ્રેશન કરાવી તેઓએ આપેલ ટીપ્સ ધ્વારા સ્ટોક માર્કેટમા ઇન્વેસ્ટ કરવાથી વધારે પ્રોફીટ ની લાલચ આપી તેઓને સામાન ઇરાદો પાર પાડવા સારું ગુનાહીત કાવતરુ રચી ફરીયાદી પાસે તેમના બેંક ખાતાઓમાથી આરોપીએ મોકલેલ અલગ અલગ યુ.પી.આઇ. આઇ.ડી. તથા બેંક એકાઉન્ટમા રૂપીયા ટ્રાન્સફર કરાવી

ફરીયાદીને ઉચો પ્રોફીટ બતાવી અલગ અલગ યુપીઆઇ આઇ.ડી તથા બેંક એકાઉન્ટ મા મળી કુલ્લે રૂા.૬૨,૬૯,૨૦૦/- ટ્રાન્સફર કરાવેલ જે રૂપીયા ફરીયાદીને પરત ન આપી, ફરીયાદી સાથે ઠગાઇ કરી, ગુનો કરેલાનો આક્ષેપ છે. જે ગુનાના કામે હાલનો આરોપીનો રોલ ધ્યાને લેવામા આવે તો, હાલના આરોપીએ અન્ય આરોપી સંતોષકુમારના બંધનબેંકનું ખાતુ ખોલવા રૂા. ૩૦,૦૦૦/- આપેલ હતા, જેમા ફરીયાદીના રૂપીયા ટ્રાન્સફર થયેલા હતા. હાલના આરોપીએ એકાઉન્ટ ખોલાવી બેંક એકાઉન્ટની કીટ મેળવી તેનું એકસેસ પોતાની પાસે રાખેલ હતુ, જે બેંક એકાઉન્ટમાં ફ્રોડના રૂપીયા જમા થતા હતા. આમ, હાલના આરોપીની સદર ગુનામા પ્રથમ દર્શનીય રીતે સંડોવણી હોવાનું ખુલવા પામેલ છે. આરોપી મુળ બિહાર રાજયનો રહેવાશી છે, જો આરોપીને જામીન મુકત કરવામા આવે તો તે નાશી ભાગી જાય અને ટ્રાયલ દરમ્યાન હાજર રહે નહી તેવી પણ શકયતાઓ રહેલ છે. તપાસ હજી ચાલુ છે અન્ય આરોપીઓને પકડવાના બાકી છે, તે સંજોગોમા હાલના આરોપીને જામીન મુકત કરવામા આવે તો તે બીજા આરોપીઓને નાશતા ફરવામા મદદગારી કરે તેવી પણ શકયતા રહેલ છે. હાલમા આવા ગુનાઓનું પ્રમાણ સમાજમા વધતુ જાય છે અને જો આરોપીને જામીન મુકત કરવામા આવે તો તેની વિપરીત અરસ સમાજ પર પડે તેમ છે. જેથી આક્ષેપિત ગુનાની ગંભીરતા, કેસના સંજોગો, સજાની જોગવાઇ તેમજ સાયબર ફ્રોડની રકમ અને ગુનાનો વ્યાપ, આરોપીની ગુનો આચરવામા માટે વાપરેલ મોડસ ઓપરન્ડી ધ્યાને લેતા આરોપીને જામીન મુકત કરવો ન્યાયોચિત જણાતુ ન હોય, હાલની જામીન અરજી લગત નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

આથી, આરોપીની જામીન મુકત થવાની આ અરજી **નામંજુર યાને રદ** કરવામાં આવે છે.

તા.૧૧/૦૮/૨૦૨૬
નવસારી

સહી/-
**(બી.કે.શાહ)**
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
નવસારી. જીજે ૦૧૪૭૭